






કલરવનો બાલોત્સવ - ગાંધીનગરની જાણીતા સંસ્થા કલરવ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બાલોત્સવનું આયોજન કર્યું હતું.... કલરવ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કલાક્ષેત્રે તાલીમ આપી બાળકોમાં રહેલી આંતરિક શક્તિને પ્રોત્સાહન આપી રહી છે... આ વર્ષે પણ વિવિધ કલાક્ષેત્રના કલાગુરૂ દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી... બાળકોએ ઉત્સાહભેર તાલીમમાં ભાગ લીધો હતો. કલરવના બાલોત્સવના અંતિમ દિવસે ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં આ બાળકોએ પોતાની કલાની પ્રસ્તુતિ કરી હતી. બાળકોની અભિવ્યક્તિને પ્રેક્ષકોએ ઉમળકાથી વધાવી હતી... બાલોત્સવને સફળ બનાવવા પ્રમુખશ્રી કમલકિશોર જૈન અને સંસ્થાના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે મુખ્ય સચિવશ્રી ડૉ. જે.એન. સિંઘ અને જાણીતા કવિ ભાગ્યેશ જહા સહિત મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું હતું.

# આજે ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ રમાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ચેહર માતાના મંદિર પાસે આવેલ ગ્રાઉન્ડમાં અંડર-૧૫ બાળકો માટે સુલતાન મિત્ર મંડળ અને આસપાસના સેકટરના મિત્ર મંડળના સહયોગથી બે દિવસીય ક્રિકેટ ટુનાર્મેન્ટનું આયોજન તા.૧૨ અને ૧૩ મે ના રોજ કરવામાં આવ્યું હતું. આ ટુનાર્મેન્ટમાં ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. ટુનાર્મેન્ટમાં એન્ટ્રી ફી રાખવામાં આવી હતી. જયારે ૮ ઓવરની મેચ અને ૯ ખેલાડીઓ વચ્ચે રમાયેલી મેચ અત્યંત રસપ્રદ બની રહી હતી. જયારે ત્યાંથી પસાર થતા નગરજનો પણ ક્રિકેટ મેચ નિહાળવા માટે ઉભા રહ્યા હતા. આ ટુનાર્મેન્ટની સેમી ફાઈનલ મેચ રવિવારના રોજ સવારે અને સાંજના ૪.૩૦ કલાકે ફાઈનલ મેચ યોજાશે. ઉનાળાની કાળઝાળ ગરમીને પગલે મેચ સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪ થી ૭.૩૦ કલાક સુધી રમાડવામાં આવી હતી. જયારે વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવશે. તે ઉપરાંત મેન ઓફ ધ મેચ, બેસ્ટ બોલર, બેસ્ટ બેસ્ટમેન, મેન ઓફ ધ સીરીઝ બનનાર તમામ ખેલાડીઓને ટ્રોફી આપી નવાજવામાં આવશે. આ ક્રિકેટ ટુનાર્મેન્ટનું આયોજન મુકેશ મારુ, સાવનભાઈ ચૌધરી, તુષારભાઈ પરમાર, સુરેશભાઈ રાણા, વિશાલ પરમાર, દિપસિંહ ઝાલા, ગોંવિદ દેસાઈ અને ગૌરાંગ સહિતના મિત્ર મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.તેમજ ક્રિકેટ ટુનાર્મેન્ટનું આયોજનને સફળ બનાવવા તમામ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી છે.

# ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા છઠ્ઠી જૂલાઈથી લેવા નિર્ણય

ગાંધીનગર,તા. ૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ની પૂરક પરીક્ષા તા.૬ ઠ્ઠી જૂલાઈથી યોજાશે, જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા તા.૯મી જૂલાઈથી શરૂ થશે. બોર્ડ દ્વારા આગામી દિવસોમાં પૂરક પરીક્ષાને લઈ સમગ્ર તૈયારીઓ પૂર્ણ કરવામાં આવશે. તાજેતરમાં જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ જાહેર કરાયું હતું. જો કે, હજુ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાનું બાકી છે. જે આગામી સપ્તાહની આસપાસ જાહેર કરાય તેવી શકયતા સેવાઈ રહી છે. ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા તા.૬ જુલાઈથી તા.૯ જુલાઈ સુધી લેવામાં આવશે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા તા. ૯ જુલાઈથી યોજાશે. જેમાં તા.૯ જુલાઈને સોમવારના રોજ સવારનાં સેશનમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા બપોરનાં સેશનમાં યોજાશે. ધો.૧૦ની જુલાઈની પૂરક પરીક્ષા માટે તા.૬ જુલાઈ શુક્રવારે સવારે ૧૦-૦૦થી બપોરે ૧-૨૦નો સમય નિયત કરાયો છે.

પહેલા દિવસે શુક્રવારે ગુજરાતી ભાષા અને પ્રથમ ભાષાનાં પેપર લેવાશે. જ્યારે એ જ દિવસે બપોરના ૩-૦૦થી ૬-૨૦ દરમિયાન વિજ્ઞાન અને ટેકનોલોજીનું પ્રશ્નપત્ર લેવાશે. તા.૭ જુલાઈ શનિવારે સવારે સામાજિક વિજ્ઞાન અને બપોરે અંગ્રેજી દ્વિતીય ભાષાનું પ્રશ્નપત્ર લેવાશે. તા.૮ જુલાઈએ સવારે ગણિત અને દ્વિતીય ભાષાનાં પેપર લેવાશે. ૯ જુલાઈએ ધો.૧૨ની પૂરક પરીક્ષામાં સવારે ગુજરાતી ભાષાનું પ્રશ્નપત્ર લેવાશે. ધો.૧૦માં ૧૧ લાખ જેટલા વિદ્યાર્થીઓ રજિસ્ટર્ડ થયા છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૭૨.૯૯ ટકા પરિણામ જાહેર થઈ ચૂકયું છે. ધો.૧૦માં બે વિષય અને ધો.૧૨માં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષા યોજાય છે. અંદાજે ૩.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપે તેવો અંદાજ છે. પૂરક પરીક્ષાને લઈ બોર્ડ સત્તાવાળાઓએ ખાસ તૈયારીઓ કરી છે.

# દર્દીઓની સારવારમાં નર્સની ભૂમિકા હંમેશા મહત્વની છે

અમદાવાદ,તા. ૧૨

એશિયાની સૌથી મોટી એવી સિવિલ હોસ્પિટલ સહિત રાજયભરની વિવિધ હોસ્પિટલોમાં આજે ઈન્ટરનેશનલ નર્સિસ ડેની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. નર્સિસ ડેને લઈ આજે સિવિલ હોસ્પિટલ, વી.એસ.હોસ્પિટલ, એલ.જી.હોસ્પિટલ સહિત રાજયની વિવિધ હોસ્પિટલોમાં નર્સિસ સમુદાયમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સિવિલ હોસ્પિટલમાં નર્સિસ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, સંગીત ખુરશી, લીંબુ-ચમચા સહિતના વિવિધ કાર્યક્રમો યોજી અનોખી ઉજવણી કરવામાં આવી હતી. નર્સિસ ડે દરમ્યાન આજે ગુજરાત નર્સિંગ કાઉન્સીલના અધ્યક્ષ અને સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.એમ.એમ.પ્રભાકરે નર્સોની કામગીરીને બિરદાવતાં જણાવ્યું હતું કે, કોઈપણ દર્દીની સારવારમાં ડોકટરની સાથે સાથે નર્સની ભૂમિકા પણ એટલી જ મહત્વની અને બહુમૂલ્ય છે. કારણ કે, નર્સ દ્વારા દર્દી અને તેમના પરિજનો કે સગાવ્હાલાને ભારે કાળજી અને હુંફ સાથે સારવારની ફરજ નિભાવવામાં આવતી હોય છે. નર્સોનો આ પ્રકારનો માનવીય અભિગમ અને હુંફના લીધે દર્દી ઝડપથી સાજા થતાં હોય છે. નર્સિસની આ માનવતા સમાજજીવનને પણ પ્રેરિત કરે છે.

ગુજરાત નર્સિંગ કાઉન્સીલના અધ્યક્ષ અને સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.એમ.એમ.પ્રભાકર અને નર્સિંગ અધિક્ષક ડો.બી.કે.પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ઈટાલીમાં તા.૧૨મી મે, ૧૮૨૦ના રોજ જન્મેલા ફલોરેન્સ નાઈન્ટીંગલ પૈસાપાત્ર અને પ્રતિષ્ઠાભર્યા કુટુંબમાં જન્મ્યા હોવાછતાં તેમણે લોકોની સેવા-સુશ્રુષા કરવાના નિસ્વાર્થ સેવાકાર્ય શરૂ કર્યું હતું. ૧૮૫૦ના અરસામાં ક્રિમીયન વોર વખતે તેમણે ઘાયલ સૈનિકોની છાવણીઓમાં એક માત્ર દિવાના સહારે ઘવાયેલા જવાનોની અદ્દભુત સારવાર કરી વિશ્વભરમાં માનવતાની મહેંક પ્રસરાવી હતી. તેમની આ ઉમદા સેવાને લઈને ફલોરેન્સ નાઈન્ટીંગલને લેડી વીથ લેમ્પનું બિરુદ પણ મળ્યું હતું. નર્સિંગનું બીજ રોપનાર આ લેડી વીથ લેમ્પના તા.૧૨મી મેના જન્મદિનને લઈ દર વર્ષે તેમની યાદમાં ઈન્ટરનેશનલ નર્સિસ ડેની વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવતી હોય છે. સિવિલ હોસ્પિટલમાં હાલ ૧૪૦૦ જેટલી નર્સ બહેનો ફરજ બજાવી રહી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




શ્રોતાઓ... અમારા આ ફાયરબ્રાંડ નેતાને બેફામ બોલવાની આદત છે... જેથી તમારે સાંભળતી વખતે તમારી બુદ્ધિનો ઉપયોગ કરવા સૂચના છે...!

# અપહરણ અને બળાત્કારના ગુન્હામાં નાસતા ફરતા બે આરોપી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

અપહરણ અને બળાત્કાર જેવા ગંભીર ગુન્હામાં નાસતા ફરતા બે આરોપીઓને જિલ્લા ક્રાઈમ બ્રાન્ચે કોલવડા અને ખોરજ ડાભી ગામેથી ઝડપી પાડયા હતા અને બંને આરોપીઓને પેથાપુર પોલીસ મથકને હવાલે કર્યા હતા જયાં પેથાપુર પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

માહિતી અનુસાર વર્ષ ૨૦૧૭ દરમિયાન પેથાપુર પોલીસ મથકમાં અપહરણ અને બળાત્કારના બે ગુન્હામાં મુખ્ય સુત્રધાર સંજય બળદેવ ઠાકોર અને કનુ બળદેવજી ઠાકોર કોલવડા ગામની એક તરૂણીનું અપહરણ કરી તેના ઉપર બળાત્કાર કરી નાસતા ફરતા હતા દરમિયાન ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની એબસ્કોન્ડરની ટીમના પીએસઆઈ વી.એમ. ઝાલા અને તેમની ટીમે વિવિધ માહિતીના આધારે આરોપીઓને ઝડપી પાડવા વોચ ગોઠવી હતી. ટીમના એએસઆઈ અશોકકુમાર અંબાલાલને બાતમી મળતા ખોરજ ડાભી ગામે આવેલ ઓએનજીસી વેલ પાસેથી આરોપી સંજય બળદેવ ઠાકોર તથા આરોપી કનુજી બળદેવજી ઠાકોરને કોલવડા ખાતેથી ઝડપી પાડી બંનેને પેથાપુર પોલીસ મથકના હવાલે કર્યા હતા.

## કૈલાશ માનસરોવરના યાત્રીઓ જોગ

કેન્દ્ર સરકારના દ્વારા આયોજીત કૈલાસ માનસરોવરની યાત્રાનો ડ્રો. ગત તા.૮-૫-૧૮ના રોજ થઈ ગયેલ છે. જે યાત્રી ડ્રોમાં પસંદગી પામ્યા હશે, તેમને ઈમેલથી જાણ કરેલ છે. જે યાત્રીકો યાત્રા માટે પસંદ થયા હોય તેમણે તાત્કાલીક કન્ફર્મેશન આપી દેવાનું રહેશે. ઉપરાંત કૈલાસ માનસરોવર સેવા સમિતિ ગાંધીનગરને નામ અને બેચ નંબર જણાવવાના રહેશે.આયોજનમાં સરળતા રહે તેમજ વિગત માટે મો. ૯૪૨૭૪૧૯૦૧૨ પર સંપર્ક કરવો.

# ભરઉનાળે તમરાં બોલતા સંભળાતા નગરજનો અચંબિત

## તમરાં નહી પરંતુ શિકાડા નામના જીવડાં ઝાડના થડને ચોંટીને બોલતા હોવાનો પર્યાવરણપ્રેમીઓમાં ખુલાસો

ગાંધીનગર નવરાજી ધરાવતુ શહેર છે અને અહીં અનેક પ્રકારની વન્યજીવસૃષ્ટિ માનવી સાથે વસવાટ કરી રહી છે. અત્યારે ભર ઉનાળાની મૌસમ ચાલી રહી છે અને શહેરમાં કેટલાક ઝાડ પાસે તમરાં બોલતા હોય તેવા અવાજો સંભળાતા નગરજનો આશ્ચર્ય પામી રહ્યાં છે. જોકે આ અવાજો 'શિકાડા' નામના કિટકના હોવાનું ગાંધીનગરના મદદનીશ વન સંરક્ષક હેમંત સુથારે જણાવ્યુ હતુ અને તેમણે એમ પણ કહ્યું હતું કે 'આ પ્રકારના કિટકો પહેલા જગંલોમાં જ જોવા મળતા હતા પરંતુ છેલ્લાં ચારેક વર્ષથી ગાંધીનગરમાં પણ તેમનો નિયમિત વસવાટ છે.

સામાન્ય રીતે ચોમાસાના પહેલા વરસાદ પછી તમરાં બોલવાં સામાન્ય ગણાય છે. અને ખાસ કરીને રાત્રિના સમયે તમરાંનો અવાજ ચોમાસાનો અનોખો માહોલ સર્જે છે. હાલ ઉનાળાની ગરમીની સીઝનમાં પણ શહેરના કેટલાક વૃક્ષોમાંથી તમરાં જેવા અવાજો સતત સંભળાતા નગરજનોને આશ્ચર્ય થવા પામી રહ્યું છે. ગાંધીનગરના યુવા પ્રકૃતિપ્રેમી અમિત ગોંડે જણાવ્યું હતું કે 'આ અવાજ શિકાડાનો છે જે ઉનાળામાં જ સાંભળવો મળે છે અને આ કિટકો ઝાડના થડમાં ૫ થી ૬ ફૂટ સુધીની ઊંચાઈએ જ બેસીને કરતા હોય છે, જ્યારે સાંભળનારને તે અવાજ ઉપર ડાળીઓમાંથી આવતો હોય તેવુ જણાય છે તેથી તે કિટકને શોધી શકતો નથી. વળી, આ કિટકનો રંગ ઝાડના થડ સાથે સરખો હોવાથી ઝડપથી નજરે ચઢતાં નથી. એક ઝાડ પર આ પ્રકારના કિટકોની સંખ્યા ૧૫ થી વધુની હોય છે અને આ એક સામાન્ય ઘટના છે અને જેમ ગરમી વધે તેમ તેનો અવાજ વધે છે.

### પગ અને પીંછા ઘસી અવાજ પેદા કરતુ શિકાડા

'શિકાડા' એ તમરાં, તીતીઘોડાં અને કંસારીના કુળનું જ કિટક છે જે ઉનાળામાં દેશી બાવળ જેવા કાળા થડ ધરાવતા ઝાડ પર બેસીને પોતાના પગ અને પીંછાના ઘર્ષણ થકી મેટીંગ કૉલ આપે છે તેનો આ અવાજ હોય છે. અવાજ કરતા કિટકના કુળનું હોવા છતાં તે મોંઢેથી અવાજ કરતુ નથી. વળી, આ કિટક હોય તે ઝાડ નીચે ઉભા રહો તો પાણીના ટીંપા પણ તમારા પર પડે જે તેના શરીરમાંથી છોડે છે. અગાઉ આ કિટકો પોળોના જંગલો વગેરેમાં જોવા મળતા હતા જે ચારેક વર્ષથી અહીં પણ જોવા મળી રહ્યાં છે. આ કિટકોને ઝાડના થડ જેવો જ રંગ ધરાવતો હોવાથી શોધવા મુશ્કેલ પડે છે.'

- હેમંત સુથાર, મદદનીશ વન સરંક્ષક

# બિટકોઈન કૌભાંડમાં કિરીટ પાલડિયાને ૪ દિવસના રિમાન્ડ

## પાલડિયાને શરૂઆતમાં છ દિવસના, પછી બે દિવસના રિમાન્ડ પર સોંપાયો હતો : હવે વધુ ચાર દિવસના રિમાન્ડ

અમદાવાદ,તા. ૧૨

રાજયભરમાં ભારે ચકચાર જગાવનાર બિટકોઈન કૌભાંડમાં ધરપકડ કરાયેલા મહત્વના આરોપી કિરીટ પાલડિયાને સીઆઈડી ક્રાઈમના અધિકારીઓએ આજે ચુસ્ત બંદોબસ્ત સાથે સ્પેશ્યલ એસીબી કોર્ટમાં રજૂ કર્યો હતો. તપાસનીશ એજન્સી તરફથી આરોપી પાલડિયાના વધુ છ દિવસના રિમાન્ડની માંગણી કરાઈ હતી, જેની સુનાવણીના અંતે સ્પેશ્યલ એસીબી કોર્ટના જજ નીપાબહેન રાવલે આરોપી કિરીટ પાલડિયાને તા.૧૬મી મે સુધી વધુ ચાર દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો મહત્વનો હુકમ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, પાલડિયાને આરોપીને શરૂઆતમાં છ દિવસના, પછી બે દિવસના રિમાન્ડ પર સોંપાયો હતો. જો કે, વધુ રિમાન્ડ દરમ્યાન કેટલીક સંવેદનશીલ ચોંકાવનારી હકીકતો સામે આવતાં કોર્ટે આરોપી કિરીટ પાલડિયાને વધુ ચાર દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો હતો. સીઆઈડી ક્રાઈમ તરફથી સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટર સુધીર બી.બ્રહ્મભટ્ટે આરોપી કિરીટ પાલડિયાના વધુ છ દિવસના રિમાન્ડની માંગણી કરતાં જણાવ્યું હતું કે, આરોપી કિરીટ પાલડિયાના બિનાન્સ એકાઉન્ટમાં બનાવેલ વોલેટમાં કુલ ૧૦ લાખ, ૮૫ હજાર યુએસ ડોલર જે આશરે ૧૧૯ જેટલા બિટકોઈન થઈ શકે તેવી હકીકત હોઈ તપાસનીશ એજન્સીએ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી પરંતુ રિમાન્ડ દરમ્યાન એવી ચોંકાવનારી હકીકત સામે આવી કે, આરોપીએ પોતાનું ખાતુ ફ્રીઝ કરાવી દીધુ હતુ અને તેના કોઈ મળતીયા મારફતે ખોટો મેઈલ કરાવ્યો હતો. જેથી આ બિનાન્સ એકાઉન્ટ ઓપન કરવા આરોપીની હાજરીની જરૂર હોઈ તેના રિમાન્ડ જરૂરી છે. બિટકોઈનમાં કરોડો રૂપિયાના કાળા નાણાંનું રોકાણ થયેલુ છે, તે કોણે અને કેટલા નાણાંનું કરાયું છે તેની વિગતો જાણવાની છે. આરોપી પાસેથી હજુ લાખો-કરોડો રૂ-રૂપિયાના બિટકોઈન રિકવર કરવાના બાકી હોઈ તેની વધુ કસ્ટોડિલ ઈન્ટ્રોગેશન જરૂરી છે. આ કેસના સહઆરોપીઓ સાથે બિટકોઈનના સમગ્ર કાવતરામાં પહેલેથી સામેલ હતો અને તેની વિરૂધ્ધ તેટનીકલ પુરાવા તપાસ દરમ્યાન પ્રાપ્ત થાય છે, તેથી આ કૌભાંડમાં સંડોવાયેલા તમામ લોકો સુધી પહોંચવા પાલડિયાની પોલીસ કસ્ટડી જરૂરી છે. આ સમગ્ર ગુનામાં બિટકોઈન ટ્રાન્સફર કરવા માટે ટેકનીકલ પ્રોસીઝર જરૂરી છે. જેમાં આરોપી કિરીટ પાલડિયાના જુદા જુદા એક્ષ્ચેન્જના વોલેટ, આઈડી ઓપન કરી ચેક કરવા તથા ટેકનીકલ સાધનોની મદદથી તેની ચકાસણી કરવા માટે આરોપી પાલડિયાની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન ખૂબ જ જરૂરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ